**ક્રિમીનલ કેસ નંબર – ૨૪૬૦૮/૨૦૨૧**

<u>આંક – ૧ લગત હુકમ</u>

આ કામના આરોપી વિરૂધ્ધ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૬૯, ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી)** મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢતાં તેઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવું જાહેર કરતી સ્વેચ્છાએ પુરસીસ રજુ કરેલ છે. આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૧ અન્વયે પ્લી નોંધતાં તેમાં પણ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવતુ હોવાથી તેની ગુના કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

આ કામના આરોપી **ગુલબહાર જાહીરભાઈ સલમાની** ને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૧ અન્વયે આરોપીની ગુના કબુલાતના આધારે **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૬૯, ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

વડોદરા.

તા. ૧૦–૦૭–૨૦૨૧

...............................................

(ચીફ જ્યુડી. મેજી. વડોદરા)

**સજા અંગે સાંભળ્યા,** આરોપીએ પોતે અનિવાર્ય કારણસર બહાર નિકળેલાનો અને પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. આરોપીએ ભુલથી જાહેરનામાનો ભંગ કરેલ છે તેવું આરોપીએ જણાવેલ છે. આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ હોવાથી કાયદામાં નિર્દિષ્ટ પુરે પુરી સજા નહી પરંતુ આરોપીને તેઓની સામેના ગુનાઓનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનો યોગ્ય જણાય છે અને સજા અંગે નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

આ કામના આરોપી **ગુલબહાર જાહીરભાઈ સલમાની** ને **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૬૯, ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી)** ગુના સબબ **કુલ રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)** નો દંડ ની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો સદરહુ દંડ ની રકમ ભરવામાં કસુર કરે તો તેને **દિન – ૩ ની** સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

વડોદરા.

તા. ૧૦–૦૭–૨૦૨૧

...............................................

(ચીફ જ્યુડી. મેજી. વડોદરા)

પા. નં. ...............

દંડ <u>રૂા. ૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા)</u>

તા. <u>૧૦–૦૭–૨૦૨૧</u>

**નાઝર, ચીફ કોર્ટ**